GJBK020014582025 ક્રિ.ઈન્કવાયરી નં.૨૨૮/૨૦૨૫

**-૦ હુકમ ૦-**

૧. ફરિયાદ વંચાણે લીધી, ફરિયાદ સાથે રજૂ દસ્તાવેજો અને કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આ કામના ફરિયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યાં. સામાવાળા હાજર નથી.

૨. સદર ફરિયાદ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એક્ટની કલમ–૨૫ મુજબ શિક્ષાને પાત્ર ગુના અન્વયે અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે **નામ. સુપ્રિમ કોર્ટના (૨૦૧૪) એસ.સી.સી.૫૯૦, ઈન્ડિયન બેંક એશોશિયેશન વિ. યુનિયન બેંક ઑફ ઈન્ડીયા** ના ચુકાદા ઉપર આધાર રાખી સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ડાયરેક્શન મુજબ ફરિયાદના સમર્થનમાં એફિડેવિટ અને અસલ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે. ફરિયાદ તથા રજૂ દસ્તાવેજો વંચાણે લેતાં, ધી નેગો.ઈ.એક્ટની કલમ–૧૩૮ મુજબ આદેશાત્મક જોગવાઈઓનો અમલ કરવામાં આવેલ હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે અને આ રીતે કલમ–૧૪૨ની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં હાલની ફરિયાદ અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે. અત્રેની કોર્ટ હકૂમતનો ઉપયોગ કરી શકે તે વિસ્તાર બહાર આરોપી બીજી જગ્યાએ રહેતા હોવાનું રેકર્ડ જોતા જણાઈ આવતા ક્રિમી.પ્રો.કોડની કલમ–૨૦૨ મુજબ આરોપી સામે કામગીરી હુકમ કાઢતાં પહેલા આરોપી વિરુદ્ધ કાર્યવાહી માટે પુરતા કારણ છે કે કેમ? તે નક્કી કરવા માટે હાલની ફરિયાદ કોર્ટ દ્વારા ઈન્કવાયરી માટે મુલતવી રાખવામાં આવેલી હતી.

૩. ફરિયાદીની સોગંદ પરની સરતપાસની જુબાની તથા ફરિયાદ પક્ષે રજૂ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, તેમજ **નામ. સુપ્રિમ કોર્ટે ૨૦૧૬ એ.આઈ.આર. (એસ.સી.) ૨૧૪૯, કે.એસ.જોસેફ વિ. ફિલિપ્સ કાર્બન બ્લેક લી.** ના ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ જ્યારે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૫(૧) અન્વયે સોગંદ ઉપર સરતપાસ રજૂ કરવામાં આવેલ હોય ત્યારે સી.આર.પી.સી.ની કલમ–૨૦૦ મુજબ ફરિયાદીનું અલગથી વેરિફિકેશન નોંધવું જરૂરી ન હોય, આ કામે ફરિયાદ પક્ષે રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવા તથા સોગંદ ઉપરની સરતપાસની જુબાની ધ્યાને લેતાં, આરોપીને ખોટી રીતે કનડગત કરવા હાલની ફરિયાદ રજૂ કરવામાં આવેલ હોય તે જણાતું નથી. આરોપી વિરુદ્ધ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એક્ટની કલમ–૨૫ મુજબનો પ્રથમ દર્શનીય રીતે ગુનો બનતો હોય ધી નેગો.ઈ.એક્ટ કાયદાની કલમ–૧૪૨ મુજબ કોગ્નીઝન્સ લઈ હાલની ફરિયાદ ફોજદારી રજીસ્ટરે નોંધવાનો આથી હુકમ કરવામાં આવે છે અને આરોપી વિરુદ્ધ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એક્ટની કલમ–૨૫ મુજબના ગુના સબબ **મુદત તા.૧૩.૦૩.૨૦૨૫** ના રોજનો સમંસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. ઉપરોક્ત મુજબ આ ઈન્કવાયરી ફેંસલ કરવામાં આવે છે.

- આ હુકમ આજ રોજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃ પાલનપુર
તા.૦૭.૦૨.૨૦૨૫

પાંચમા એડી.સીવીલ જજ,
પાલનપુર
કોડ નં.જી.જે.૦૧૭૩૯